

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808


સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 21,(SURAT), DATE-11/11/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૨૧, (સુરત), તા.૧૧/૧૧/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

જવાનોની ત્યાગ અને તપસ્યાને કારણે

નક્સલવાદનો અંત થયો : પીએમ મોદી



બસ્તર : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તરમાં સુરક્ષાદળોના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. સાથે જ બસ્તરમાંથી નક્સલવાદના અંતના વખાણ પણ કર્યા હતા. મોદીએ જવાનો સાથે વાતચીત દરમિયાન કહ્યું હતું કે દરેક જવાન મારા પરિવારનો હિસ્સો છે. ત્યાગ અને તપસ્યાથી નક્સલી આતંકનો અંત આવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તરમાં સુરક્ષાદળોના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. સાથે જ બસ્તરમાંથી નક્સલવાદના અંતના વખાણ પણ કર્યા હતા. મોદીએ જવાનો સાથે વાતચીત દરમિયાન કહ્યું હતું કે દરેક જવાન મારા પરિવારનો હિસ્સો છે. ત્યાગ અને તપસ્યાથી નક્સલી આતંકનો અંત આવ્યો હતો.

બસ્તરમાં સુરક્ષાદળોના જવાનો જેવા પહેરવેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જવાનોને સંબોધ્યા હતા, મોદીએ કહ્યું હતું કે આજે દુનિયાના દરેક ખુણામાં કરોડો ભારતીયો પ્રકાશના પાવન પર્વની ઉજવણી કરી રહ્યા છે.

દૂર દૂરથી લોકો પોતાના ઘરે પહોચ્યા છે. પરિવારજનો સાથે હળવા મળવાનો આ એક મોટો મહોત્સવ છે. હું પણ દિવાળીની ઉજવણી કરવા માટે તમારી(જવાનો) વચ્ચે આવ્યો છું. વડાપ્રધાને વધુમાં કહ્યું હતું કે સરહદે અને દેશની અંદર રાષ્ટ્રની સુરક્ષા કરનારા, રાષ્ટ્રના પ્રહરી, મા ભારતીના વીર, આપ તમામ લોકો મારા પરિવારજનો છો. તમે તમામ લોકો મારા પરિવારનો હિસ્સો છો.

મોદીએ કહ્યું હતું કે આ વખતે હું દિવાળી ઉજવવા માટે બસ્તરના જંગલોમાં આવ્યો છું. તમારી વચ્ચે આવ્યો છું. આ એ ભૂમિ છે જયાં એક સમયે નક્સલી આતંકનો કેર હતો, જવાનોના ત્યાગ-તપસ્યાના કારણે નક્સલી આતંકનો અંત આવ્યો અને વિકાસની શરૂઆત થઇ.

જવાનોના વખાણ કરતા મોદીએ કહ્યું હતું કે આ એક અસાધારણ સફળતા છે. જેનો મોટો શ્રેય જવાનોને જાય છે. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ૨૦૨૬ની દિવાળી વિશેષ છે કેમ કે નક્સલવાદ સામેની લડાઇમાં વિજય થયો છે.

આ પ્રથમ દિવાળી છે કે જયાં દેશના દરેક જિલ્લામાં નક્સલવાદનો અંત આવ્યો છે. કરોડો દેશવાસીઓ નક્સલવાદના ભયને હરાવી ચુક્યા છે.


॥ જય માતાજી ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ ૐ સાંઈરામ ॥

શ્રી ગોવિંદાશ્રમ ટ્રસ્ટ સંચાલિત શ્રી અંબિકાનિકેતન મંદિર,
સરદારબાગ બારડોલીના
વિ.સં. ૨૦૮૩ તથા દિપાવલી-૨૦૨૬ નાં
દિવાળી તથા નૂતન વર્ષાભિનંદનની હૃદયપૂર્વક શુભેચ્છા

દિનેશ સી. દેસાઈ (પ્રમુખ-ટ્રસ્ટી) | દુષ્યંતભાઈ સી. પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી)
ભાવેશ પી. પટેલ (મંત્રી-ટ્રસ્ટી) | જયેશ એ. પટેલ (ટ્રસ્ટી)
ઘનસુખ બી. પટેલ (ટ્રસ્ટી) | પંકજ વી. જોષી (ટ્રસ્ટી)

SENIOR CITIZEN BARDOLI
શ્રી પ્રેમજીભાઈ નાથાભાઈ પટેલ (ભાલાળા)
સિનિયર સિટીઝન ક્લબ,બારડોલી
''દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન''
૨૦૨૬ ની શુભેચ્છા

ભાણાભાઈ એમ. તળાવીયા (ઉપપ્રમુખ) | દિનેશ સી. દેસાઈ (પ્રમુખ-ટ્રસ્ટી) | અજયકુમાર એચ. શુક્લ (મંત્રી-ટ્રસ્ટી)
વિજયકાંત એસ. શેઠ (સહમંત્રી) | પંકજકુમાર વી. જોષી (ટ્રસ્ટી) | દુષ્યંતભાઈ સી. પટેલ (ટ્રસ્ટી)
પ્રવિણ બી. કાપડીયા (ખજાનચી) | કમલેશભાઈ જી. ખેર (ટ્રસ્ટી) | અજીતભાઈ એસ. ચૌહાણ (ટ્રસ્ટી)
પ્રમુખ : બારડોલી નગરપાલિકા (કાયમી ટ્રસ્ટી)
કારોબારી સમિતિ સભ્યો, જન્મદિન ઉજવણી સભ્યો તથા સિનિયર સિટીઝન ક્લબ સભ્યો



દિવાળી તથા નૂતનવર્ષની
ખુબ ખુબ શુભેચ્છા...
એક શુભેચ્છક-
HAPPY Diwali FESTIVAL OF LIGHTS

શ્રી રામજી મંદિરના ૩૫ માં પાટોત્સવ
નિમિત્તે આયોજિત
શ્રીમદ ભાગવત કથા
ચોરાસ
સેવણી ધામ
૨૮ જાન્યુઆરી ૨૦૨૭ થી
૦૩ ફેબ્રુઆરી ૨૦૨૭
સમય: બપોરે ૨:૩૦ થી ૬:૦૦
પરમ પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા
શ્રી રામજી મંદિર સેવણી, તા.કામરેજ જિ.સુરત
કોન્ટેક નંબર: +91 97253 38767

દિપાવલી તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
વિ. કિલ્લોલકુમાર ગ્રુપ ઓફ
મ્યુઝીક એન્ડ ડાન્સ એકેડેમી
ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન રાષ્ટ્રીય યુવા પુરસ્કાર 2025થી સન્માનીત
નૃત્ય / સંગીત ડાયરેક્ટર
ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસ
M.P.A. ભરતનાટયમ્, M.A. અલંકાર
(ગોલ્ડ મેડાલિસ્ટ) VIOLINIST
'સંગીત/ભરતનાટયમ્ નૃત્યની તાલીમ માટેની સરકાર માન્ય નામાંકીત કલા સંસ્થા
રજી.નં.ઈ/9193/સુરત
એકેડેમીની વિશેષતા :-
• ભરતનાટયમ્ અને સંગીતના પ્રારંભિકથી વિશારદ તેમજ માસ્ટર ડિગ્રીનો સરકાર માન્ય ડિગ્રી સર્ટીફીકેટ કોર્ષ...
• ઓડિયો-વિડીયો માધ્યમ દ્વારા સંગીત/નૃત્યની થીયરી-પ્રેક્ટીકલનું સંપૂર્ણ જ્ઞાન અને પધ્ધતિસરની તાલીમ...
• ત્વિષા વ્યાસ & ગ્રુપ સાથે રાષ્ટ્રીય સ્તરના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવાની તક આપવામાં આવશે જેમાં તમામ ખર્ચ સંસ્થા ભોગવશે.
• ભરતનાટયમ્/ ગરબા ના ડ્રેસીસ, ઘરેણા, ઘુંઘરુ ભાડે તેમજ વેચાણથી મળશે.
• કલા મહાકુંભ, યુવક મહોત્સવ, મેરેજ સેરેમની તથા સામાજીક પ્રસંગોમાં બધા જ પ્રકારના ડાન્સની સ્પે. તૈયારી કરી આપવામાં આવશે.
લગ્ન તથા સામાજિક પ્રસંગોમાં કોઈપણ પ્રકારના સંગીત કાર્યક્રમ માટે સંપર્ક કરો...
Mo.: 97120 60174
A/15, સાંઈદર્શન રેસીડેન્સી, D-MART પાસે, શાસ્ત્રી રોડ, બારડોલી.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

શ્રી રાજપુત કરણી સેના તરફથી સૌને દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ!!!

દીપાવલીનો આ પવિત્ર તહેવાર આપ સૌના જીવનને આનંદ, ઉત્સાહ અને નવી આશાઓના ઉજાસથી ભરી દે. નવું વર્ષ આપ સૌ માટે સુખ, સમૃદ્ધિ, પ્રગતિ અને ઉત્તમ આરોગ્ય લઈને આવે તમામ સ્નેહીજનોને નૂતન વર્ષાભિનંદન!





ઈન્દ્રજીતસિંહ ઘરીયા
માંડવી તાલુકા પ્રમુખ
શ્રી રાજપૂત કરણી સેના



સંજીવસિંહ ચૌહાણ
ઉપ પ્રમુખ સુરત જિલ્લા શ્રી
રાજપૂત કરણી સેના



ચંપકસિંહ વાંસિયા
ઉપ પ્રમુખ
શ્રી રાજપૂત કરણી સેના





મિતુલસિંહ સુરમા
સુરત જિલ્લા પ્રમુખ-
શ્રી રાજપુત કરણી સેના



કેનિલસિંહ મોરી
મંત્રી-શ્રી રાજપુત
કરણી સેના



તેજપાલસિંહ ભાદિગર
માંગરોળ તાલુકા પ્રમુખ,
શ્રી રાજપુત કરણી સેના



જશપાલસિંહ પરમાર
બારડોલી તાલુકા
મહામંત્રી :
શ્રી રાજપુત કરણી સેના



પ્રતિકસિંહ ઠાકોર
સુરત જીલા ઉપપ્રમુખ
શ્રી રાજપુત કરણી સેના



હિમાંશુસિંહ ઠાકોર
ઉપપ્રમુખ મિડીયા કન્વિનર
શ્રી રાજપુત કરણી સેના



અજયસિંહ શર્મા
સુરત જીલા મંત્રી
શ્રી રાજપૂત કરણી સેના



પ્રતિક સિંહ દેસાઈ
સુરત જીલા ઉપપ્રમુખ
શ્રી રાજપૂત કરણી સેના

બારડોલીમાં આશાપુરા મંદિરથી ભિક્ષુક ગૃહ સુધીનો નવો માર્ગ શરૂ:૪ વર્ષ બાદ ખાડી પર બોક્સ કલ્વર્ટ અને સ્લેબનું કામ પૂર્ણ

બારડોલી- બારડોલી નગરના શામરિયામોરા વિસ્તારમાં આવેલા આશાપુરા માતાજીના મંદિરથી જલારામ ભિક્ષુક ગૃહ સુધી ખુલ્લી ખાડી પર આધુનિક રોડ અને બોક્સ કલ્વર્ટનું નિર્માણ કાર્ય આખરે સાકાર થતાં નગરજનોએ હાશકારો અનુભવ્યો છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મંજૂર થયેલા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં છેલ્લા ચાર વર્ષથી સ્થાનિક રહીશો પારાવાર હાલાકી વેઠી રહ્યા હતા. જોકે, તમામ અવરોધો પાર કરી ખાડી પર મજબૂત આરસીસી સ્લેબ ભરાઈ જતાં નવો માર્ગ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકી દેવાયો છે.

આ માર્ગ કાર્યરત થતાં જ વર્ષો જૂની ખુલ્લી ગંદકી અને દુર્ગંધની સમસ્યા ભૂતકાળ બની ગઈ છે. ખાડીનું પુરાણ કરી જંકશન પર એક નયનરમ્ય સર્કલ આકાર લઈ રહ્યું છે. હવે આગામી તબક્કામાં માર્ગ પર સેન્ટ્રલ ડિવાઇડર, સ્ટ્રીટ લાઇટ્સ અને ગ્રીનરી વધારવા આકર્ષક પ્લાન્ટેશનની કામગીરી હાથ ધરાશે. આ નવો બાયપાસ માર્ગ ફાયદાકારક સાબિત થશે નગરજનોને શામરિયામોરાથી જલારામ ભિક્ષુક ગૃહ કે ધૂળિયા રોડ તરફ જવા માટે ૭૦૦ મીટરનો લાંબો ચકરાવો કાપવો પડતો હતો, જેમાંથી કાયમી મુક્તિ મળી છે. ઇંધણ અને સમય બંનેની સીધી બચત થઈ રહી છે.

ચોમાસા દરમિયાન ખુલ્લી ખાડી છલકાઈ જતાં માર્ગો પર પાણી ભરાઈ રહેતું હતું. આ વખતે સ્લેબ અને અન્ડરગ્રાઉન્ડ ચેનલિંગના કારણે ચોમાસામાં પાણી ભરાવાની કે મચ્છરોના ઉપદ્રવની કોઈ ફરિયાદ રહી નથી. આ લિંક રોડ સક્રિય થતાં નગરના આંતરિક મુખ્ય માર્ગો પર પીક-અવર્સ દરમિયાન સર્જાતો ટ્રાફિક જામ હળવો બનશે.

આ માર્ગ શરૂ થતાં અહીંથી પસાર થનારા શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને વેપારીઓને દૈનિક અવરજવરમાં સમય અને નાણાંમાં મોટી રાહત મળી રહેશે.



શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી સંચાલિત

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, બારડોલી

વિના મુલ્યે સારવાર



આંખ વિભાગ



સોમવાર થી શનિવાર ૯ થી ૫
આંખની સારવાર જેવી કે વેલ, છારી, આંજણી વગેરે જેવા આંખોના રોગો તથા મોતિયાના લેન્સ સાથે વિનામૂલ્યે ઓપરેશ

દાંત વિભાગ



સોમવાર થી શનિવાર ૯ થી ૫
દાંતના ચોકઠા, રૂટકેનલ, દાંત કાઢવા વગેરે દાંતની સારવાર

જનરલ વિભાગ



સોમવાર થી શનિવાર ૨ થી ૪:૩૦
તમામ પ્રકારની પ્રાથમિક સારવાર જેવી કે ચામડીના રોગો, એસીડીટી, તાવ, સર્દી, ઉધરસ, સાંધાના દુખાવા વગેરે રોગોની સારવાર

ફીજીયોથેરાપી



સોમવાર થી શનિવાર ૯ થી ૫
તમામ પ્રકારની થેરાપી

હાર્ટ વિભાગ




દર મંગળવારે બપોરે ૨:થી 3
ECG,ECO,TMT જેવી સારવાર

ઈ.એન.ટી.



સોમવાર- ૯ થી ૯:૩૦
બુધવાર થી શનિવાર = ૯ થી ૯:૦૦
કાન, નાક, ગળા ની સારવાર

પાર્લર કલાસ



સોમવાર થી શનિવાર ૯ થી ૫
સોય દોરાનો સાથ હુનર તમારા હાથ
સિલાઈ શીખો આત્મનિર્ભર બનો

સીવણકલાસ



સોમવાર થી શનિવાર ૯ થી ૫
બ્યુટી પાર્લર માત્ર મેકઅપ નથી
આત્મવિશ્વાસ વધારવાની કળા છે.
કલાત્મક હાથ, ઉજ્જવળ ભવિષ્ય

યોગા વિભાગ



સોમવાર થી શનિવાર સવારે ૬:૦૦ કલાકે
ગુજરાત યોગ બોર્ડ અને પતંજલિ યોગ
બોર્ડ દ્વારા પ્રોત્સાહિત

સીવણ કલાસ તથા બ્યુટી પાર્લર વિનામૂલ્યે ચાલે છે. નવા બેચમાં શીખવાની તક મેળવો. કોર્ષ બાદ સ્પેશિયલ કીટ આપવામાં આવશે.

- આંખ બતાવવા આવો ત્યારે દરેક દર્દીએ આધારકાર્ડની ઝેરોક્ષ કેસ કઢાવવા માટે ફરજીયાત છે.
- આધારકાર્ડ ની ઝેરોક્ષ વિના કેસ કાઢી આપવામાં આવશે નહિ.
- ઓપરેશનના દિવસે અને બીજા દિવસે પટ્ટી ખોલવવા (ડ્રેસિંગ કરાવવા) આવો ત્યારે
- અચૂક એક વ્યક્તિ તમારા સગાને સાથે લઈને જ આવવું.
- દરેક દીર્દ બીજીવાર આંખ બતાવવા આવો ત્યારે બપોરે ૨ વાગ્યા પછી આવવું. સવારે કેસ કાઢી આપવામાં આવશે નહિ.
- ઓપરેશનના દિવસે હોસ્પિટલમાંથી જે સમય આપ્યો હોય તે સમયે આવી જવુ મોડા આવનારને લેવામાં આવશે નહિ.

૦૨૬૨ ૨૩૫૮૭૩૭ | સમય :-સવારે ૯ થી ૧૧:૩૦ બપોરે ૨ થી ૪:૩૦ | નોધ :- બપોરે ૧૨ થી ૨ બંધ રેહશે | ૮૧૪૦૩ ૫૮૭૩૭

સ્થળ :-શ્રી સત્ય સાઈ ચોક, શાસ્ત્રી રોડ બારડોલી

મહાપ્રસાદ, રક્તદાન શિબિરનું આયોજન

બારડોલીમાં ૧૬ નવેમ્બરે ૨૨૭ મી જલારામ જન્મજયંતિ મહોત્સવ

બારડોલી- પરમ પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૨૭ મી જન્મજયંતિ નિમિત્તે બારડોલી ખાતે શ્રી ભક્તરાજ જલારામ પ્રાર્થના સમાજ દ્વારા ૧૬-૧૧-૨૦૨૬ને સોમવારના રોજ જલારામ જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અવસરે બારડોલીમાં ભક્તિ અને સેવાના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે, જેમાં વિવિધ અનુષ્ઠાન અને સેવાકીય પ્રવૃત્તિઓનો પ્રારંભ થશે: પ્રાત: ૪:૦૦ કલાકે: પ્રાત: આરતી, પ્રા. સવારે ૪:૧૫ કલાકે: અન્નકૂટ દર્શન, સવારે ૮:૦૦ કલાકે: પાદુકા પૂજન અને સત્યનારાયણની મહાપૂજા, સવારે ૮:૩૦ કલાકે: રક્તદાન શિબિર જેમાં દરેક રક્તદાતાને પ્રફુલભાઈ પટેલ તરફથી સ્મૃતિ ભેટ અપાશે.



સવારે ૧૦:૦૦ કલાકે: ધ્વજારોહણ, ૧૧ :૦૦ કલાકે ભવ્ય મહાપ્રસાદનું આયોજન 'સ્વરાજ આશ્રમ ગ્રાઉન્ડ, સ્ટેશન રોડ, બારડોલી ખાતે રાખવામાં આવ્યું છે. બપોરે ૨:૦૦ કલાકે: સંગીતમય જલારામ બાવાની તથા ભજન, સાંજે ૭:૦૦ કલાકે: સામૂહિક સંધ્યા આરતી (૨૭૦ દીવા સાથે). સાંજે ૭:૩૦ કલાકે: અન્નકૂટ પ્રસાદ વિતરણ અને સાંજે ૮:૦૦ કલાકે પંચાંગ વિમોચન તથા દાતાઓનું સન્માન થશે.

મહોત્સવના સમાપન રૂપે રાત્રિના ૯:૦૦ કલાકે જલારામ મંદિર ખાતે લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા કલાકારો જયદીપભાઈ સોની: ભજન અને સંતવાણી, પોપટભાઈ માલધારી: લોક સાહિત્ય અને હાસ્ય કલાકાર જીગીશાબેન સુરતી: લોકગાયિકા પોતાની કલાઓ રજૂ કરશે. રાત્રે જામશે લોક ડાયરો.


કોસમાડા નજીક પાર્ક કન્ટેનરમાં આગ, કેબિન, પોલીફાઇબરનો જથ્થો બળી ગયો

દિલ્હીથી પોલીફાઇબર ભરી સુરત જતું કન્ટેનર પાર્ક કરી ચાલક નાસ્તો કરવા ગયો ને આગ લાગી

આંબોલી- દિલ્હીથી ટેક્સટાઇલ રો-મટિરિયલનો જથ્થો ભરીને સુરત આવી રહેલા એક કન્ટેનરમાં કામરેજ તાલુકાના કોસમાડા નજીક અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં ભારે નાસભાગ મચી ગઈ હતી. શનિવારે સાંજે બનેલી આ ઘટનામાં જોતજોતામાં આગની જવાળાઓએ કન્ટેનરની કેબિન સહિતના ભાગને લપેટમાં લઈ લીધો હતો.

મળતી વિગતો મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના જેતપુરનો વતની ગુડ્ડુ જલાલ ખાન કન્ટેનર (યુપી-૪૭--૩૮૫૮) માં દિલ્હીથી પોલીફાઇબરનો મોટો જથ્થો ભરીને સુરત ડિલિવરી આપવા આવી રહ્યો હતો.

દરમિયાન શનિવારે સાંજે કોસમાડા સ્થિત એન્થમ સર્કલ નજીક વેડિંગ પાર્ટી પ્લોટ જવાના માર્ગ પર કન્ટેનર રોડની સાઇડમાં પાર્ક કરી ચાલક નાસ્તો કરવા નીચે ઊતર્યો હતો. તે વેળાએ અચાનક કન્ટેનરની ડ્રાઇવર કેબિનમાંથી કાળા ડિબાંગ ધુમાડા નીકળવા લાગ્યા હતા અને ગણતરીની મિનિટોમાં જ આગે વિકરાળ



સ્વરૂપ ધારણ કરી લીધું હતું. બનાવની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમે તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવી સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, આગ એટલી તીવ્ર હતી કે કન્ટેનરની કેબિન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી અને પાછળ ભરેલો અતિ જવલનશીલ પોલીફાઇબર પણ આગની ઝપેટમાં આવી જતાં બળી ગયો હતો. ચાલક કેબિનની બહાર હોવાથી તેનો ચમત્કારિક બચાવ થયો હતો. બનાવ અંગે ચાલકે કામરેજ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે નોંધ કરી તપાસ હાથ ધરી છે.

ડોલવણના ઉમરકચ્છ ગામે દીપડાના હુમલાથી મહિલાનું કરુણ મોત: પંથકમાં ભયનો માહોલ

તાપી જિલ્લામાં દીપડાની દહેશત દિનપ્રતિદિન વધી રહી છે, ત્યારે ડોલવણ તાલુકાના ઉમરકચ્છ ગામના ડુંગરી ફળિયામાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વહેલી સવારે આશરે 3 વાગ્યાના સુમારે એક દીપડો કાચા મકાનમાં ઘૂસી ગયો હતો અને ત્યાં એકલા રહેતા ૫૮ વર્ષીય મહિલા કીર્તિબેન દિનેશભાઈ ચૌધરી પર હુમલો કરી તેમને ખેંચી ગયો હતો, જેના કારણે તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

આ માનવભક્ષી દીપડાના હુમલાની ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે ફફડાટ અને શોકની લાગણી ફેલાઈ ગઈ છે. માનવ વસાહતમાં ઘૂસીને દીપડા દ્વારા મહિલાનો ભોગ લેવામાં આવતા વન્યપ્રાણી અને માનવ વચ્ચેના સંઘર્ષનો ગંભીર પ્રશ્ન ફરી એકવાર એરણ પર આવ્યો છે.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

તંત્રી લેખ.....

દીપોત્સવી એટલે દીપનો ઉત્સવ દિવાળી એટલે પ્રકાશનું પર્વ



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

માનવીએ એના જીવનને પરમ ઉન્નત, અતિ ઉત્કૃષ્ટ બનાવવું હોય તો આધિ ભૌતિકથી ઉપર ઉઠી આધ્યાત્મિક અને આધિદૈવિક સ્તર પર જવું પડે. તેણે વેદોપનિષદના તત્ત્વજ્ઞાનને જીવનમાં ઉતારવું પડે. તેણે 'અસતો મા સદ્ ગમય ' નું સ્મરણ રાખી અસત્ય છૂટી સત્યમાં પ્રતિષ્ઠિત થવું પડે. તે સ્થિતિ સિદ્ધ કર્યા પછી 'તમસો મા જ્યોતિર્ગમય' નું સ્મરણ રાખી અજ્ઞાનના અંધકારથી મુક્ત થઈ જ્ઞાનના પ્રકાશને પ્રાપ્ત કરવો પડે. તે પછી મૃત્યોર્માડમૃતં ગમય'નું સ્મરણ રાખી મૃત્યુને પાર કરી આત્માના અમૃતનો આસ્વાદ પ્રાપ્ત કરવાનો છે.

દીપોત્સવી દરમિયાન મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીની પૂજા કરાય છે. મહાકાલી જીવનને અંસત્માંથી સદ્ તરફ લઈ જાય છે, મહાલક્ષ્મી અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે અને મહાસરસ્વતી મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જાય છે. એના જ હેતુ રૂપે ધનતેરસ, કાળી ચૌદસ અને દિવાળી ઉજવાય છે. આ પર્વ દરમિયાન ધનતેરસે મહાલક્ષ્મીની, કાળી ચૌદસે મહાકાળીની અને દિવાળીએ મહાસરસ્વતીની આરાધના કરવાની વિધિ એટલે જ નિશ્ચિત કરાયેલી છે.

ધનતેરસે લક્ષ્મીજીના પ્રતીકરૂપ ધનની પૂજા કરાય છે. લક્ષ્મીજીની કૃપા ધન-સંપત્તિ-સંપન્નતામાં અનવરત અભિવૃદ્ધિ કરે છે. એટલે જ લક્ષ્મીજી પાસે આ દિવસે માંગવામાં આવે છે - વિજ્ઞાન વૃદ્ધિં હૃદયે કુરુ શ્રી, દયાભિવૃદ્ધિં કુરુતાં ત્વયિ શ્રી મ સૌભાગ્ય વૃદ્ધિં કુરુ મે ગૃહે શ્રી, સુવર્ણ વૃદ્ધિં કુરુ મે કરે શ્રી મમ હે લક્ષ્મીજી, મારા હૃદયમાં વિશિષ્ટ જ્ઞાનની વૃદ્ધિ કરો, મારા હૃદયમાં દયા, કરુણા, સદ્ભાવોની વૃદ્ધિ કરો, મારા ઘરમાં સૌભાગ્યની વૃદ્ધિ કરો અને મારા હાથમાં સુવર્ણની વૃદ્ધિ કરો.' સંપત્તિ કેવી રીતે આવે, કેવી રીતે વધે અને કેવી રીતે કાયમ ટકી રહે તે એક શ્લોકમાં ખૂબ સરસ રીતે રજૂ કરાયું છે. 'શ્રી માંગલ્યાત્ પ્રભવતિ, પ્રાગલ્ભ્યાત્ સંપ્રવર્ધતે મ દ્રાક્ષ્યાત્તુ કુરુતે મૂલં, સંયમાત્ પ્રતિતિષ્ઠિતિ મમ લક્ષ્મી માંગલ્યમાંથી ઉદ્ભવે છે, ચતુરાઈથી વધે છે, નિપુણતાથી એના મૂળને મજબૂત કરે છે અને સંયમથી કાયમ વધે છે.' આ દિવસે સ્વર્ગના ખજાનચી, ધન-સંપત્તિના અધ્યક્ષ કુબેર ભંડારીની પણ લક્ષ્મીજી સાથે પૂજા કરાય છે. ધનતેરસના દિવસે જ સમુદ્રમંથન કરાતી વખતે લક્ષ્મીજી અને ધન્વંતરિનું પ્રાગટ્ય થયું હતું. ભગવાન ધન્વંતરિએ આરોગ્ય શાસ્ત્ર એવા આયુર્વેદની ઉત્પત્તિ કરી હતી. ધનતેરસે ભગવાન ધન્વંતરિની પૂજા કરવાથી સ્વાસ્થ્ય સુખ સારું રહે છે. આસો વદ ચૌદસને કાળી ચૌદસ, નરક ચતુર્દશી અને રૂપ ચતુર્દશી પણ કહેવાય છે. આ દિવેસ સોળ હજાર કન્યાઓનું અપહરણ કરનાર નરકાસુરનો ભગવાન શ્રીકૃષ્ણે વધ કર્યો હતો અને તે કન્યાઓને મુક્ત કરી હતી એટલે એને નરક ચતુર્દશી પણ કહેવાય છે. એવી માન્યતા છે કે આ દિવસે વ્રત કરવાથી અલૌકિક સૌંદર્ય પ્રાપ્ત થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ વ્રતધારીને દિવ્ય સૌંદર્ય, રૂપ નિખાર પ્રદાન કરે છે.

ભગવાન શ્રીરામે વિજયાદશમીના દિવસે રાવણનો વધ કરી આસુરી તત્વ પર વિજય મેળવી અયોધ્યા તરફ પ્રસ્થાન કર્યું હતું. અયોધ્યાવાસીઓએ એમના સ્વાગત-સત્કાર- આવકાર માટે એમના ઘરોને શણગારી રાત્રિના સમયે અગ્ર-તગ્ર-સર્વત્ર દીવાઓ પ્રગટાવ્યા હતા. આખી અયોધ્યાનગરી દીપમાળાઓથી દૈદીપ્યમાન થઈ ગઈ હતી. એ દિવાળીનો જ દિવસ હતો. ત્યારથી આસો વદ અમાસનો દિવસ, દીપોત્સવી, દીપાવલી કે દિવાળી તરીકે ઉજવાય છે.

આ દિવસે અંત:કરણના ગવાક્ષમાં જ્ઞાનનો દીપક પ્રકટાવી ચિત્ત પર છવાયેલા અજ્ઞાનના અંધકારને દૂર કરવાનો છે. આતમના ગોખમાં જ્ઞાનના દીવાને સતત પ્રજવલિત રાખી જીવન પંથને અજવાળવાનો છે.

ભગવાન બુદ્ધ કહે છે ' આત્મ દીપો ભવ' તું પોતે જ તારો દીવો થા. જેના દિલમાં જ્ઞાન અને સદ્ભાવનો દીવો પ્રગટ રહેતો હોય તેને તો રોજ દિવાળી છે, એટલે જ કહેવાયું છે- 'દિલમાં દીવા તો દિવાળી દિવાળી.' દિવાળી વિદ્યા અને જ્ઞાનની દેવી સરસ્વતીની પૂજા- અર્ચના- આરાધનાનો દિવસ છે. ઉપનિષદ કહે છે- 'વિદ્યયા અમૃતં અશ્નુતે વિદ્યાર્થી અમૃતની પ્રાપ્તિ થાય છે. સદ્ભાવ, સદ્વિદ્યા, આત્મજ્ઞાનનું અમૃત પ્રાપ્ત થાય એટલે નવજીવનનો આરંભ થાય છે. નૂતન વર્ષ એનો જ સંકેત છે. નૂતન વર્ષ ગોવર્ધન પૂજાનો દિવસ છે. ગો શબ્દનો એક અર્થ ગાયો થાય અને બીજો અર્થ ઇન્દ્રિયો થાય. ભગવાન શ્રીકૃષ્ણને ધરાવેલો અન્નકૂટ અને ગાયોને ખવડાવેલું ઘાસ ગાયોની વૃદ્ધિ કરે છે અને શ્રદ્ધા, ભક્તિ, સદ્ભાવ અને પ્રેમનું અમૃત આપણી ઇન્દ્રિયોના સુખની વૃદ્ધિ કરે છે. ભાઈ બીજ ભાઈ-બહેનના નિસ્વાર્થ સ્નેહના આદાન-પ્રદાનનું પર્વ છે. તે દિવસ યમ યાતનાથી મુક્તિ અપાવનારી છે. પંચપર્વા દીપોત્સવી સત્ય, પ્રકાશ, અમૃત, આનંદ અને પ્રેમની આરાધનાનો મંગલ મહોત્સવ છે.






'દિવાળી પછી નવું સાહસ શરૂ કરવાની આપણી પરંપરા'

કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે પાઠવી નવા વર્ષની શુભકામના; કહ્યું- ૩નવી ઊર્જા સાથે ૨૦૪૭ ના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરીએ



સુરત- પ્રકાશના પર્વ દિવાળી અને બેસતા વર્ષના પાવન અવસરે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે તમામ નાગરિકોને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે દિવાળીના તહેવારની લોકો આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે, કારણ કે નવું સાહસ કે કામ શરૂ કરવા માટે દિવાળીની રાહ જોવાની આપણા સૌના મનમાં એક સહજ પરંપરા રહેલી છે. નવા વર્ષમાં શરૂ થતા કોઈપણ કાર્યમાં સફળતા ચોક્કસ મળે છે એવી દ્રઢ ખાતરી સાથે લોકો આગળ વધે છે. તેથી આ નૂતન વર્ષે સૌ કોઈ નવી ઊર્જા, નવી તાકાત અને નવા રચનાત્મક વિચારો સાથે જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરે તેવી તેમણે હૃદયપૂર્વક મનોકામના વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય મંત્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નનો વિશેષ ઉલ્લેખ કરતાં જણાવ્યું કે આ વિઝન આપણી આવનારી પેઢી માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, 'વિકસિત ભારતની કલ્પના પ્રથમ વાર માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ કરી છે, જે આજ દિન સુધી કોઈએ કરી નહોતી. ૨૦૪૭ના વિકસિત ભારતની કલ્પનાને સાકાર કરવા માટે આપણા રૂટીન (દિનચર્યા) માં પણ આ વાતને આપણે મનમાં વણી લઈએ એવી સૌને મારી વિનંતી છે. આજે સમગ્ર દેશ અને દુનિયાને પૂરો વિશ્વાસ છે કે ૨૦૪૭ સુધીમાં આપણો દેશ ચોક્કસપણે એક પૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનશે.'

અંતમાં કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, આપણે સૌએ ભેગા મળીને આપણી ભાવિ પેઢીના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવાનું છે. તેમણે દેશવાસીઓને અપીલ કરતાં કહ્યું કે, આપણે સૌ વિકસિત ભારતની કલ્પનાને સાકાર કરીને આવનારી પેઢીને એક સક્ષમ અને સમૃદ્ધ ભારતમાં વિકસાવી શકીએ તેવો મનમાં અતૂટ સંકલ્પ લઈએ.

પ્રધાનમંત્રીના નેતૃત્વમાં દેશ ઝડપથી વિકાસના પંથે આગળ વધી રહ્યો છે ત્યારે દરેક નાગરિક પોતાની ભાગીદારી નોંધાવીને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપે તેવો આહવાન કરતાં તેમણે ફરી એકવાર સૌને દિવાળી અને નવા વર્ષની અંત:કરણપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી.





શ્રી મટી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી., મટી



દીપાવલીનો આ પવિત્ર તહેવાર આપ સૌના જીવનને આનંદ, ઉત્સાહ અને નવી આશાઓના ઉજાસથી ભરી દે.તમામ સ્નેહીજનોને નૂતન વર્ષાભિનંદન!



-:: વ્યવસ્થાપક કમિટીનાં સભ્ય ::-

શ્રી સમીરભાઈ છીતારામભાઈ ભક્ત	પ્રમુખશ્રી	શ્રી દિલીપસિંહ સંગ્રામસિંહ મહીડા	કમિટી સભ્યશ્રી
શ્રી જીતેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પટેલ	ઉપ-પ્રમુખશ્રી	શ્રી સંદિપકુમાર રમેશચંદ્ર શર્મા	કમિટી સભ્યશ્રી
શ્રી સુરેશભાઈ રાનીયાભાઈ ચૌધરી	કમિટી સભ્યશ્રી	શ્રી હરિશભાઈ લાલસિંગભાઈ ચૌધરી	કમિટી સભ્યશ્રી
શ્રી અલ્પેશભાઈ મગનભાઈ પટેલ	કમિટી સભ્યશ્રી	શ્રી સિધ્ધાર્થભાઈ અમરસિંહભાઈ	કમિટી સભ્યશ્રી
શ્રી કેતનકુમાર જશુભાઈ પટેલ	કમિટી સભ્યશ્રી	શ્રીમતિ મોક્ષનાબેન નરેન્દ્રસિંહ મહીડા	કમિટી સભ્યશ્રી
શ્રી અમિષકુમાર દિપકસિંહ ચાવડા	કમિટી સભ્યશ્રી	ગં.સ્વ.સુમિત્રાબેન દલપતભાઈ ચૌધરી	કમિટી સભ્યશ્રી
શ્રી અતુલભાઈ બાબુભાઈ નાયક	કમિટી સભ્યશ્રી	શ્રી સુનિલભાઈ શ્રીપતભાઈ પટેલ	બેંક પ્રતિનિધિશ્રી
શ્રી ચિન્તુભાઈ મહેશભાઈ પટેલ	કમિટી સભ્યશ્રી	શ્રી રાકેશભાઈ ઠાકોરભાઈ પટેલ	સંઘના પ્રતિનિધિશ્રી
શ્રી કમલેશભાઈ કિકુભાઈ ગામીત	કમિટી સભ્યશ્રી	શ્રી ખાંડ નિયામક	રજીસ્ટ્રારશ્રીના પ્રતિનિધિશ્રી
શ્રી નરેશભાઈ કેશવભાઈ પટેલ	કમિટી સભ્યશ્રી	શ્રી અવિનાશ જ્ઞાનેશ્વર ઢેકાણે	મેનેજીંગ ડીરેક્ટરશ્રી
શ્રી રોશનભાઈ શશીકાંતભાઈ ભક્ત	કમિટી સભ્યશ્રી	તથા સભાસદ અને કામદાર-કર્મચારી-અધિકારી પરિવાર	

સુરત જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી સંઘ લિ.

સાત્વિક બેકરી કેમ્પસ, મિઠોળા ચાર રસ્તા, બારડોલી.
ફોન. (ઓ) ૨૨૦૪૦૬, (બેકરી) ૨૨૦૦૭૮

કાપડ:-
સુતરાઉ ખાદી, પોલી વસ્ત્ર, રેશમ ખાદી ગરમ ખાદી, આધુનીક ફેસન ના ખાદીના રેડીમેઇડ વસ્ત્રો વગેરે મળશે.

બેકરી :-
શુધ્ધ અને સાત્વિક બિસ્કીટો, ચોખ્ખા ઘીની ઘઉંના લોટની સ્પે.નાન ખટાઈ તથા ખાખરા મળશે. સ્પે. સેન્ડવીચ, ખાખરા પીઝા, તેમજ ગ્રીલ સેન્ડવીચ મળશે. પ્યોર ઘઉં માંથી બનાવેલ ખાખરા મળશે.

ખેતી :-
ખેતી માટે શુધ્ધ બિયારણ માંથી બનાવેલ ઘરૂ મળશે.

ગ્રામોદ્યોગ :-
દરેક પ્રકારની કારપેટ મેટીગ, કાથા મેટીગ, પગ લુછણીયા, ગ્રામોદ્યોગ સાબુ, ચોખ્ખુ મધ, અગરબત્તી, સુખડ કલા, ધાતુ કલા, કાષ્ટ કલા,

ફુટવેર :-
શુધ્ધ ચામડાની જેન્ટસની વેરાયટીઓ જેવી કે બુટ, ચંપલ, મોજડી વગેર મળશે.



આયુવેદિક :-
ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસીની આયુર્વેદિક દવાઓ મળશે.

હરેન્દ્રસિંહ ડી. વસવારીયા
મંત્રી

પંકજભાઈ એન. ચૌધરી
માનદ્ મંત્રી

હરીશચંદ્ર આર. પટેલ
ઉપ-પ્રમુખ

નિરંજનાબેન કલાર્થી
પ્રમુખ

:: અમારી બીજી કોઈ શાખા નથી ::

સાત્વિક - સાત્વિક - સાત્વિક - સાત્વિક- સાત્વિક - સાત્વિક - સાત્વિક

Email I.D.sjkgsangh@yahoo.in

પોલીસનું નૂતન વર્ષાભિનંદનઃ CPવાબાંગ ઝમીરની કહ્યું - 'નવા વર્ષમાં ગુજસીટોક-ડ્રગ્સ વિરુદ્ધ ઝુંબેશ અને પોક્સોના કેસો પર ખાસ ફોકસ'



સુરત- દિવાળી અને નૂતન વર્ષના સ્નેહમિલન કાર્યક્રમ નિમિત્તે સુરત શહેર પોલીસ કમિશનર વાબાંગ ઝમીર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પોલીસ કમિશનરે સ્પષ્ટ સંદેશ આપતાં જણાવ્યું કે, નવા વર્ષમાં પણ અસામાજિક તત્ત્વો, સંગઠિત ગુનાખોરી અને શરીર-મિલકત વિરુદ્ધના ગુના આચરતા તત્ત્વો સામે ગુજસીટોક અને પાસા જેવા કડક કાયદાકીય હથિયારોનો સંપૂર્ણ ઉપયોગ ચાલુ રહેશે. પાછલા વર્ષની સફળ વ્યૂહરચનાને આગળ ધપાવી શહેરને ગુનામુક્ત રાખવા માટે કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે.

શહેરમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા સાથે મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે પોક્સો હેઠળ તાત્કાલિક અને કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત, યુવાધનને બરબાદ કરતા નશીલા પદાર્થોના દૂષણને જડમૂળથી નાબૂદ કરવા ડ્રગ્સ વિરુદ્ધ મોટું અભિયાન ચલાવવામાં આવશે. પોલીસ કમિશનરે ભારપૂર્વક કહ્યું કે, ડ્રગ્સ માફિયાઓ અને આધુનિક યુગમાં વધતા જતા સાયબર ક્રાઇમના ગુનેગારો સામે પોલીસ કોઈપણ પ્રકારની બાંધછોડ કર્યા વગર આક્રમક રીતે કાર્યવાહી કરશે.

પોલીસ કમિશનર વાબાંગ ઝમીરએ ૩ફ્રેન્ડ ઓફ પોલીસ અને ગુનાખોરી ડામવામાં પોલીસ તંત્રને સતત સહકાર આપતી વિવિધ સામાજિક સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સુરતના નાગરિકોને નૂતન વર્ષની શુભકામના પાઠવતાં અપીલ કરી કે, સમાજમાંથી ડ્રગ્સ અને ગુનાખોરીને દૂર કરવા પોલીસ સાથે મળીને ખભેખભા મિલાવી સહકાર આપે. અંતમાં તેમણે વિશ્વાસ અપાવ્યો કે, સુરત શહેર પોલીસ પ્રત્યેક નાગરિકની સલામતી, સુખ-શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ૨૪ કલાક કટિબદ્ધ રહેશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

સુરત અડાજણ બી.એ.પી.એસ. મંદિરમાં ભવ્ય અન્નકૂટોત્સવઃઠાકોરજી સમક્ષ ૧૩૦૦ થી વધુ વાનગીઓનો થાળ ધરાવાયો, નૂતન વર્ષે ૪૬ હજારથી વધુ હરિભક્તો ઉમટ્યા







સુરત- કારતક સુદ પડવો એટલે કે બેસતા વર્ષના પવિત્ર અવસરે સુરતના અડાજણ સ્થિત બી. એ. પી. એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય અને દિવ્ય અન્નકૂટોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી યોજાયેલા આ ઉત્સવમાં ભગવાન સમક્ષ ૧૩૦૦થી પણ વધુ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવાયો હતો. નૂતન વર્ષના પ્રથમ દિવસે ઠાકોરજીના અલૌકિક દર્શન અને અન્નકૂટનો લાભ લેવા માટે સુરત શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી ૪૬ હજારથી વધુ ભક્તોનું મહેરામણ મંદિર પરિસરમાં ઊમટી પડ્યું હતું.

નૂતન વર્ષના મંગલ પ્રારંભે મંદિર પરિસરમાં વહેલી સવારથી જ ભક્તિમય માહોલ સર્જાયો હતો. દિવસની શરૂઆતમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર વૈદિક મહાપૂજા યોજાઈ હતી અને ત્યારબાદ હરિભક્તો વચ્ચે નૂતન વર્ષ સ્નેહમિલનનો કાર્યક્રમ ઉત્સાહભેર સંપન્ન થયો હતો. ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવો માત્ર આનંદનો અવસર નથી, પરંતુ ધર્મપરંપરાના જતન, ભક્તિભાવના પોષણ અને સમાજને એકસૂત્રે બાંધવાનું માધ્યમ છે, જેનું ઉત્તમ ઉદાહરણ અહીં જોવા મળ્યું હતું.

મંદિરમાં બિરાજમાન ઠાકોરજી સમક્ષ સંતો અને સ્વયંસેવકો દ્વારા વિવિધ વાનગીઓની આકર્ષક તેમજ નયનરમ્ય ગોઠવણી કરવામાં આવી હતી. આ કલાત્મક અન્નકૂટમાં પરંપરાગત તથા આધુનિક વિવિધ પ્રકારની મીઠાઈઓ, સ્વાદિષ્ટ ફરસાણ, અવનવા શાકભાજી, તાજાં ફળો અને અન્ય વાનગીઓનો અદભુત સમન્વય રચાયો હતો. ઇષ્ટદેવ પ્રત્યે ભક્તિ અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા ભક્તો દ્વારા તૈયાર કરાયેલી આ સામગ્રી સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી.

મુનિવંદન સ્વામીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, સવારે ૧૦ વાગ્યે સંતો તેમજ શહેરના શ્રેષ્ઠીઓ અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં અન્નકૂટોત્સવની ભવ્ય આરતી ઉતારવામાં આવી હતી. મંદિર પ્રશાસન દ્વારા ગોઠવાયેલી સુવ્યવસ્થિત અને શિસ્તબદ્ધ દર્શન વ્યવસ્થાને કારણે સમગ્ર દિવસ દરમિયાન ૪૬૦૦૦ થી વધુ ભાવિકોએ સરળતાથી દર્શનનો લાભ લીધો હતો. ઠાકોરજીના કલાત્મક શણગાર અને અન્નકૂટના દિવ્ય દર્શન કરીને ભાવિક ભક્તો ધન્યતાની લાગણી સાથે અભિભૂત થયા હતા.





















OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-IMAGE PRINTER, , PLOT NO. PLOT NO20-21/BHIDBHANJAN SOCIETY, BAMORLI ROAD, NR. PIYUSH POINT, PANDESARA, UDHNA, SURAT. 394210